# Joint Press Statement - Meeting of External Affairs Minister and the Foreign Minister of China (September 10, 2020)

September 10, 2020

## જોઈન્ટ પ્રેસ સ્ટેટમેન્ટ - વિદેશ મંત્રી અને ચીનનાં વિદેશ મંત્રીની બેઠક (સપ્ટેમ્બર 10, 2020)

સપ્ટેમ્બર 10, 2020

શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) બેઠકનાં અવકાશમાં મોસ્કોમાં 10 સપ્ટેમ્બરનાં રોજ ભારતનાં વિદેશ મંત્રી મહામહિમ ડૉ. એસ. જયશંકર ચીનનાં સ્ટેટ કાઉન્સિલર અને વિદેશ મંત્રી મહામહિમ વાંગ યીને મળ્યા હતા. બન્ને મંત્રીઓએ ભારત ચીન સીમા ક્ષેત્રોમાં વિકસતી ઘટનાઓ પર તથા ભારત-ચીન સંબંધો પર નિખાલસ અને રચનાત્મક ચર્ચા કરી હતી અને નીચે મુજબ સંમત થયા હતા:

1. બન્ને પક્ષો સંમત થયા હતા કે તફાવતોને તકરારો ન બનવા દેવા સહિત ભારત-ચીન સંબંધો વિકસાવવા પર નેતાઓની સંમતિઓની શ્રેણીઓમાંથી માર્ગદર્શન લેવું જોઇએ.

2. બન્ને વિદેશ મંત્રીઓ સંમત થયા હતા કે સીમા ક્ષેત્રોમાં પ્રવર્તમાન પરિસ્થિતિ કોઇપણ પક્ષનાં હિતમાં નથી. તેથી તેઓ સંમત થયા હતા કે બન્ને પક્ષનાં સીમા સૈનિકોએ તેઓનાં સંવાદ ચાલું રાખી, ઝડપથી દૂર જઇ, યોગ્ય અંતર જી અને તણાવ હળવો કરવો જોઇએ.

3. બન્ને મંત્રીઓ સંમત થયા હતા કે બન્ને પક્ષોએ ભારત-ચીન સીમાની બાબતો પરની તમામ પ્રવર્તમાન સમજૂતિઓ અને પ્રોટોકોલનું પાલન કરવું પડશે, સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ જાળવી રાખવી પડશે અને એવા કોઇપણ પગલાઓ ટાળવા પડશે જેનાંથી બાબતો વણસી શકે છે.

4. બન્ને પક્ષો ભારત-ચીન સીમાનાં પ્રશ્ન પર વિશેષ પ્રતિનિધિની યંત્રણા મારફત સંવાદ અને સંચાર ચાલું રાખવા પણ સંમત થયા હતા. તેઓ આ સંદર્ભમાં એ બાબત પર પણ સંમત થયા હતા કે ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણા (WMCC) એ પણ તેની બેઠકો ચાલું રાખવી જોઇએ.

5. મંત્રીઓ સંમત થયા હતા કે પરિસ્થિતિ હળવી થતા, બન્ને પક્ષોએ સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહની જાળવણી કરવા અને વધારવા માટે નવા આત્મવિશ્વાસનું નિર્માણ કરતા પગલાઓ લેવા માટે ઝડપી કાર્ય કરવું જોઇએ.

**મોસ્કો**
**સપ્ટેમ્બર 10, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.